

# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

● ગુજરાતી સાહિત્ય પરિષદ માટે ડિસેમ્બર મહિનો એટલે લગ્નટાણું. અધિવેશન કે જ્ઞાનસત્ર આ મહિનામાં જ યોજાય. એમ ૨૦૧૪ના આ વર્ષમાં જ્ઞાનસત્રનું આયોજન શ્રી ગુજરાતી સમાજ – ઇન્દોરના આમંત્રણથી ઇન્દોરમાં યોજાયું. જ્યારે નિમંત્રણ મળ્યું ત્યારે મનમાં જે પહેલી અવઢવ હતી તે છેક ઇન્દોર સુધી કેટલા સાહિત્યરસિકો આવશે ! પરંતુ ૧૯મી ડિસેમ્બરની સવારે એ અવઢવનો અંત આવ્યો. જ્યારે જાણ્યું કે ૩૦૦ જેટલા સભ્યોએ આ જ્ઞાનસત્રમાં ભાગ લીધો છે ત્યારે આનંદ થયો. ૧૯મીની સવારે ઇન્દોર પહોંચ્યા તે પૂર્વે પરિષદના સંનિષ્ઠ કર્મઠ કાર્યકરો ત્યાં પહોંચી ગયા હતા. વળી ઉતારે પહોંચતાં વ્યવસ્થા જોઈને આ જ્ઞાનસત્ર બધી રીતે અલગ બની રહેશે તેવું લાગ્યું અને ૨૨મી ડિસેમ્બરે જ્ઞાનસત્ર પૂર્ણ થયું ત્યારે તેનો સંતોષ પણ થયો. ઉદ્‌ઘાટન-બેઠકથી માંડી નવમી બેઠક સુધીની બધી જ બેઠકો સફળ રહી. બીજી બેઠકમાં સર્જક પુનઃ મૂલ્યાંકન હતું. આ બેઠકમાં બકુલ ત્રિપાઠીના સર્જન વિશે વક્તવ્યો અપાયાં તે સાથે ગુજરાતી સમાજના ઇન્દોરના પ્રમુખ ડૉ. દિવાકર શાહે બકુલ ત્રિપાઠીની લીધેલી મુલાકાત દશ્ય-શ્રાવ્યના માધ્યમથી જોવા મળી. રાત્રે પારિતોષિકનું વિતરણ થયું અને ત્યારબાદ બકુલ ત્રિપાઠીનો હાસ્યદરબાર યોજાયો. શનિવારે મધ્યસ્થ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત મિટિંગ મળી અને પાંચમી અને છઠ્ઠી બેઠકમાં બે વર્ષના સાહિત્યનું સરવૈયું રજૂ થયું. તો એ જ રાત્રે ઇન્દોરમાં રહેતા ભારતીય ભાષાના સર્જકો સાથે ગોષ્ઠિ થઈ. ઇન્દોરમાં રહી ગુજરાતી ભાષાનાં પુસ્તકો વાંચનાર પુસ્તકમિત્રોનું સન્માન થયું. વળી વધારે મજા તો રાત્રે લાસ્ટ એપૉઇન્મેન્ટ નાટક જોવાની આવી. તો રવિવારે નવી સદીના નાટક પર બેઠક યોજાઈ અને ત્યારબાદ સમાપન-બેઠક થઈ. રહેવા-જમવાની વ્યવસ્થા સાથે બધી જ રીતે ઇન્દોરના ગુજરાતીઓનો ભાવ અનુભવાયો. આ સમગ્ર જ્ઞાનસત્રનો વિગતે અહેવાલ આ અંકમાં અન્યત્ર પ્રસિદ્ધ થયેલો છે.

● ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર અને દર્શક ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે તા. ૩૦/૧૨/૨૦૧૪ના રોજ ગોવર્ધનસ્મૃતિભવનમાં અમેરિકા સ્થિત પ્રમોદકુમાર ઠાકરે ‘કૃષ્ણાદિત્ય’ ‘વિજ્ઞાન અને દર્શન’ વિષય પર વક્તવ્ય અને સ્વરચિત કાવ્યોનું પઠન કર્યું હતું.

● તા. ૪-૧૨-૨૦૧૪ના રોજ કલ્પેશ પટેલે ‘હાફ’ વાર્તાનું પઠન કર્યું હતું.

## પરિષદના આગામી કાર્યક્રમો

પાક્ષિકી અંતર્ગત તા. ૧-૧-૨૦૧૫ અને ૧૫-૧-૨૦૦૫ના રોજ પાક્ષિકી અંતર્ગત વાર્તાનું પઠન થશે. સાંજે ૬-૧૫ કલાકે.

## વિશ્વકવિતા કેન્દ્ર અંતર્ગત

તા. ૭, ૧૪, ૨૧-૧-૨૦૧૫ના રોજ બુધસભા અને તા. ૨૮-૧-૨૦૧૫ના રોજ વ્યાખ્યાન સાંજે ૭-૦૦ કલાકે.

## માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર અને શ્રી ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્રના ઉપક્રમે 'માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ'નું આયોજન તા. ૨-૨-૨૦૧૫થી ૧૯-૨-૨૦૧૫ દરમિયાન, વાચનકૌશલની સજ્જતા કેળવાય તે અભિગમથી વિવિધ વ્યાખ્યાનો યોજવામાં આવે છે, જેમાં કોઈ પણ ભાષારસિક-ભાષાજિજ્ઞાસુ વયભેદ કે વ્યવસાયભેદ વગર જોડાઈ શકે છે. આ અભ્યાસક્રમની ફી ૩૦૦ રૂપિયા રાખવામાં આવી છે. વર્ગોનો સમય સાંજે ૫-૦૦થી ૬-૩૦ (સોમવારથી શનિવાર) રહેશે. અભ્યાસક્રમમાં સર્વશ્રી યોગેન્દ્ર વ્યાસ, અરવિંદ ભાંડારી, રતિલાલ બોરીસાગર, મનસુખ સલ્લા, કીર્તિદા શાહ, પિંકી પંડ્યા, સતીશ વ્યાસ, પારુલ કંદર્પ દેસાઈ, કિશોરી ચંદારાણા વગેરે તજ્જ્ઞો સેવા આપશે. રસ ધરાવનારે પરિષદ કાર્યાલયમાં ફૉર્મ ફી ભરી જવા વિનંતી છે.

## સાહિત્યવૃત્ત

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન શ્રેણીમાં 'સાવિત્રી શ્રી અરવિન્દનું મહાકાવ્ય' વિશે શ્રી રાજેન્દ્ર પટેલે વક્તવ્ય આપ્યું હતું અને 'નૃત્ય પ્રસ્તુતિમાં સૌંદર્યનો અભિભાવ' વિશેશ્રી કુમુદિનીબહેન લાખિયાએ વક્તવ્ય આપ્યું હતું.

□

નોર્થ અમેરિકાની ગુજરાતી લિટરરી અકાદમીના ઉપક્રમે ૨૩-૧૧-૨૦૧૪ના રોજ સાંજે શ્રી કૃષ્ણ દવેના કાવ્યપઠનનો, શ્રી નરેન્દ્ર ભાલોદકરના સૂફી ગીત-સંગીતનો અને જર્મન મહાકવિ ગોએથે તથા રિલ્કેનાં પુસ્તકોના વિમોચનનો કાર્યક્રમ ટીવીએશિયાના હૉલમાં પ્રસ્તુત થયો હતો.

□

તા. ૩૦ નવેમ્બર ૨૦૧૪ના રોજ ગુજરાત ખેત વિકાસ પરિષદ, ગાંધી આશ્રમ પાસે, સાબરમતી, અમદાવાદમાં 'દિલીપ રાણપુરાનાં સ્મૃતિચિત્રો' વિષય પર પ્રા. તુલસીભાઈ પટેલે મનનીય વક્તવ્ય આપ્યું હતું.

□

નવગુજરાત પુસ્તકાલય સહાયક સરકારી સંસ્થાએ તેમના દસમા દાયકાના મંગલ પ્રારંભની જાહેર ઉજવણી કરી હતી. આ પ્રસંગે પુસ્તકાલયના ક્ષેત્રમાં ગણનાપાત્ર પ્રદાન કરનાર, સૌરાષ્ટ્રની ૭૦૦થી વધુ શાળાઓને બાળ-પુસ્તકાલયોની ભેટ આપનાર ડૉ. પ્રફુલ્લભાઈ શાહ સહિતના કાર્યકરોનું સન્માન કરવામાં આવ્યું હતું. મંડળનાં નવાં પ્રકાશિત પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું.

□

તા. ૧૪ નવેમ્બરથી ૨૦ નવેમ્બર ૨૦૧૪ દરમ્યાન 'રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણી'ના ભાગ રૂપે 'સરકારી જિલ્લા પુસ્તકાલય, રાજકોટ' ખાતે તા. ૧૫-૧૧-૨૦૧૪ના સવારે ૧૦-૦૦ કલાકે લાલબહાદુર શાસ્ત્રી વિદ્યાલયના આચાર્યશ્રી પ્રજ્ઞેશભાઈ કુબાવત, શ્રી વિનોદભાઈ ટીકમાણીસાહેબ, શ્રી મધુકાન્તભાઈ જોશી, વગેરેના વરદ હસ્તે દીપપ્રાગટ્ય સાથે 'પુસ્તક-પ્રદર્શન' ખુલ્લું મૂકવામાં આવેલ હતું.

□

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી કરી હતી. એ અંતર્ગત ૧૪મી નવેમ્બર જવાહર નહેરુના જન્મદિવસને બાળદિન તરીકે ઊજવ્યો હતો. જેમાં 'મારું પ્રિય પુસ્તક' વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં અમદાવાદની દસ સ્કૂલોના ધો. ૫થી ૮ના ૪૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્વામી વિવેકાનંદ, ગાંધીજી, સુધા મૂર્તિ, ગિજુભાઈ બધેકા, તારક મહેતા, ગોવર્ધનરામ ત્રિપાઠી વગેરે જેવા લેખકોનાં પુસ્તકો વિશે વિદ્યાર્થીઓએ એમના વિચારો પ્રગટ કર્યા હતા અને તા. ૧૫-૧૧-૨૦૧૪ના રોજ ગ્રંથાલય સપ્તાહમાં એકદિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વશ્રી કુમારપાળ દેસાઈ, ડૉ. અનિલકુમાર, ડૉ. શ્રેયાંસી પરીખ, સુ શ્રી રોડા ભરુચા, ડૉ. હર્ષદ પટેલ, રશ્મિ કુંભાર, ઉદયના શાહ, મનીષ પંડ્યા, પ્રજ્ઞાબહેન પાઠક, વર્ષાબહેન મહેતા, તોરલબહેન પટેલ વગેરેએ વક્તવ્યો આપ્યાં હતાં. આ ઉપરાંત પ્રિ. ડૉ. જે. એમ. નાયકે 'પ્રવર્તમાન જીવનમાં વાચનનો મહિમા' વિશે વ્યાખ્યાન આપ્યું હતું.

## માતૃભાષા ગૌરવ દિન નિમિત્તે નિબંધસ્પર્ધા

૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૫ના દિને માતૃભાષા ગૌરવદિનની ઉજવણી અંતર્ગત અમરેલીમાં 'સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ : રૂપાયતન' સંસ્થા દ્વારા ૧૮થી ૩૫ વર્ષનાં ભાઈ-બહેનો માટે નિબંધસ્પર્ધાનું આયોજન થનાર છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છનારે નિયત વિષયો પૈકી કોઈ પણ એક વિષય પર નિબંધ કાગળની એક બાજુ સુવાચ્ય અક્ષરે લખવાનો રહેશે. નિબંધની શબ્દમર્યાદા ૫૦૦થી ૭૫૦ શબ્દોની રહેશે.

નિબંધસ્પર્ધાના વિષયો : ૧. શ્રી મનુભાઈ પંચોળી - દર્શક 'દ્રષ્ટા' છે. ૨. 'મુનશી' અને 'ધૂમકેતુ'ની ઐતિહાસિક નવલકથાઓ (એક તુલનાત્મક અભ્યાસ) ૩. ગુજરાતી

સાહિત્ય પર ગાંધીવિચારોની અસર. ૪. રમેશ પારેખનાં કાવ્યોમાં નવતર પ્રયોગો (ઉદાહરણ સાથે) ૫. વાર્તાકાર તરીકે દ્વિરેફ (રામનારાયણ પાઠક) ૬. કાંતના કાવ્યોમાં નિયતિ.

ઉપરોક્ત વિષયો પૈકી કોઈ પણ એક વિષય પર નિબંધ લખી ૩૧મી જાન્યુઆરી ૨૦૧૫ સુધીમાં આચાર્યશ્રી દીપક હાઈસ્કૂલ - રૂપાયતન - અમરેલી (રાધાબહેન શાંતિલાલ આડતિયા વિદ્યાસંકુલ, ગાયત્રીશક્તિ પીઠ પાસે, અમરેલી-૩૬૫૬૦૧) એ સરનામે પહોંચતા કરવાના રહેશે. પ્રથમ પૃષ્ઠ પર પૂરું નામ, સરનામું, અભ્યાસ, જન્મતારીખ તથા સંપર્ક નંબર દર્શાવવા વિનંતી. સ્પર્ધાના પ્રથમ ત્રણ સ્થાન મેળવનારને અનુક્રમે રૂ. ૧,૦૦૦ - રૂ. ૫૦૦ - તથા બે પ્રોત્સાહન પુરસ્કાર દરેકને રૂ. ૨૫૦ લેખે મળશે. પુરસ્કારની રકમ રોકડ અને પુસ્તક રૂપે એનાયત થશે. સહભાગી થનાર દરેકને પ્રમાણપત્ર પણ એનાયત થશે. સ્પર્ધા માટે ઓછામાં ઓછા ૧૫ નિબંધો થવા જરૂરી છે. આ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લેવા સૌને અનુરોધ છે.




**ગુજરાતી સાહિત્ય પરિષદ**

**અને**

**ગુજરાત પ્રકાશક મંડળના**

**સંયુક્ત ઉપક્રમે**

**પિડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના**

**સહયોગથી યોજાય છે**

**પુસ્તક મેળો**

**૩૦ જાન્યુઆરીથી ૩ ફેબ્રુઆરી ૨૦૧૫ સુધી**

**ગુજરાતી ભાષાના વિવિધ પ્રકાશકોનાં દરેક સ્વરૂપોનાં શિષ્ટ પુસ્તકો મળશે.**

**સ્થળ : ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રાંગણ**

ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯

ફોન : ૨૬૫૮૭૯૪૭

## વર્ષ ૨૦૧૨-૨૦૧૩નાં પારિતોષિક (જ્ઞાનસત્ર-૨૦૧૪)

| ક્રમ | પારિતોષિકનું નામ | નિર્ણાયક | પુસ્તકનું નામ | વર્ષ | પારિતોષિક મેળવનાર |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી ભગિની નિવેદિતા | શ્રી શાલિની ટોપીવાળા | ઐતરેય ઉપનિષદ | ૨૦૧૨ | મૃદુલા મારફતિયા |
| | | | આ એક ખંડ | ૨૦૧૩ | ભારતી ર. દવે |
| ૨. | શ્રી અરવિંદ સુવર્ણચંદ્રક | શ્રી કુમારપાળ દેસાઈ | તાજો ઇતિહાસ તાજી સુવાસ | ૨૦૧૨ | આચાર્ય શ્રી વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ |
| | | | શ્વાસમાં વાગે શંખ | ૨૦૧૩ | દર્શના ધોળકિયા |
| ૩. | શ્રી ઉમા-સ્નેહરશ્મિ | શ્રી રાજેશ વ્યાસ 'મિસ્કીન' | ઝાકળ ને તડકાની વચ્ચે | ૨૦૧૨-૧૩ | હર્ષ બ્રહ્મભટ્ટ |
| ૪. | શ્રી કાકાસાહેબ કાલેલકર | શ્રી પ્રસાદ બ્રહ્મભટ્ટ | પ્રજાવત્સલ રાજવી | ૨૦૧૨-૧૩ | ડૉ. ગંભીરસિંહ ગોહિલ |
| ૫. | શ્રી બટુભાઈ ઉમરવાડિયા | શ્રી મહેશ ચંપકલાલ | છેલ્લો પારસી | ૨૦૧૨-૧૩ | પીયૂષ ભટ્ટ |
| ૬. | શ્રી પ્ર. ત્રિવેદી | શ્રી હર્ષદ પટેલ | સંતાન સ્કૂલમાં અને ઘરમાં | ૨૦૧૨-૧૩ | ઊર્મિલા શાહ |
| ૭. | શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા | શ્રી રમેશ બી. શાહ | ... કોઈને આ પારિતોષિક મળતું નથી ... | | |
| ૮. | શ્રી જ્યોતીન્દ્ર હ. દવે | શ્રી સતીશ વ્યાસ | રંગલાની રામલીલા | ૨૦૧૨-૧૩ | જયંતિ પટેલ 'રંગલો' |
| ૯. | શ્રી બી. એન. માંકડ | શ્રી કિશોર પંડ્યા | માનવજનીનવિજ્ઞાન | ૨૦૧૨-૧૩ | બી. સી. પટેલ |
| ૧૦. | શ્રી રામપ્રસાદ પ્ર. બક્ષી | શ્રી નરેશ વેદ | પીર શમ્સકૃત રાજા ગોવરચંદનો આખિયાન | ૨૦૧૨-૧૩ | બળવંત જાની |
| ૧૧. | શ્રી તખ્તસિંહ પરમાર | શ્રી ભારતી રાણે | સવાર લઈને | ૨૦૧૨-૧૩ | અનિલ ચાવડા |
| ૧૨. | શ્રી હરિલાલ માણેકલાલ દેસાઈ | શ્રી બિપિન આશર | ગુજરાતી દલિત સાહિત્ય | ૨૦૧૨-૧૩ | ભીખુ વેગડા |
| ૧૩. | શ્રી નટવરલાલ માળવી | શ્રી શ્રદ્ધા ત્રિવેદી | મારું નામ લાવણ્ય | ૨૦૧૨-૧૩ | ગિરીશ ભટ્ટ |
| ૧૪. | શ્રી ઉશનસ્ | શ્રી ચિનુ મોદી | સૉનેટાંજલિ | ૨૦૧૨-૧૩ | ચંદ્રકાન્ત દેસાઈ |
| ૧૫. | શ્રી દિલીપ ચં. મહેતા | શ્રી ઉદયન ઠક્કર | સેંજળ | ૨૦૧૨-૧૩ | રાજેન્દ્ર શુક્લ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬. | શ્રી મહેન્દ્ર ભગત | શ્રી મોહન પરમાર | બે ઈ-મેઈલ અને સરગવો | ૨૦૧૨-૧૩ | દશરથ પરમાર |
| ૧૭. | શ્રી રમણ પાઠક | શ્રી કિરીટ દૂધાત | બે ઈ-મેઈલ અને સરગવો | ૨૦૧૨-૧૩ | દશરથ પરમાર |
| ૧૮. | શ્રી સદ્‌વિચાર પરિવાર | શ્રી યોગેન્દ્ર પારેખ | સંતાન સ્કૂલમાં અને ઘરમાં | ૨૦૧૨-૧૩ | ઊર્મિલા શાહ |
| ૧૯. | શ્રી ગોપાળરાવ વિદ્વાંસ | શ્રી સંજય ભાવે | ભારતીય વિજ્ઞાનકથાઓ | ૨૦૧૨-૧૩ | રવીન્દ્ર અંધારિયા |
| ૨૦. | શ્રી ભાસ્કરરાવ વિદ્વાંસ | શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય | આદિવાસી સાંસ્કૃતિક વારસો | ૨૦૧૨-૧૩ | ડૉ. ભગવાનદાસ પટેલ |
| ૨૧. | શ્રી રમણલાલ સોની | શ્રી હુંદરાજ બલવાણી | કીડી કુંજર કરે કમાલ | ૨૦૧૨-૧૩ | અંજના ભગવતી |
| ૨૨. | શ્રી સુરેશા મજમુદાર | શ્રી અમી ઉપાધ્યાય | મેઘધનુષી માનુનીઓ | ૨૦૧૨-૧૩ | સોનલ મોદી |
| ૨૩. | શ્રી રમણલાલ જોશી | શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળા | કાવ્યસંવિત્ | ૨૦૧૨ | રમેશ ઓઝા |
| | | | આધુનિકોત્તર કવિતા | ૨૦૧૩ | અજયસિંહ ચૌહાણ |
| ૨૪. | શ્રી ઉપેન્દ્ર પંડ્યા (મહાનિબંધ) | શ્રી નીતા ભગત | અનુઆધુનિકયુગના દલિત વાર્તાકારોની દલિતચેતના | ૨૦૧૨-૧૩ | ડૉ. ગંગારામ મકવાણા |
| ૨૫. | શ્રી ઉપેન્દ્ર પંડ્યા (લલિતનિબંધ) | શ્રી સતીશ વ્યાસ | અભાવનું ઐશ્વર્ય | ૨૦૧૨-૧૩ | ભગીરથ બ્રહ્મભટ્ટ |
| ૨૬. | શ્રી દિનકર શાહ 'કવિ જય' | શ્રી પ્રવીણ પંડ્યા | આપ ઓળખની વાર્તા | ૨૦૧૨-૧૩ | જયેશ ભોગાયતા |
| ૨૭. | શ્રી દોલત ભટ્ટ | શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટ | વડગામી | ૨૦૧૨-૧૩ | અમૃત બારોટ |
| ૨૮. | શ્રી પ્રિયકાન્ત પરીખ | શ્રી ગુણવંત વ્યાસ | સંકટ | ૨૦૧૨ | મોહન પરમાર |
| | | | પાંખેથી ખર્યું આકાશ | ૨૦૧૩ | ભારતી રાણે |
| ૨૯. | શ્રી પંડિત બેચરદાસ જીવરાજ દોશી | શ્રી અભય દોશી | કચ્છી બોલી | ૨૦૧૨-૧૩ | મહેન્દ્ર દોશી |
| ૩૦. | શ્રી ભાનુપ્રસાદ પંડ્યા | શ્રી દલપત પઢિયાર | વેળા | ૨૦૧૨-૧૩ | જયનારાયણ વ્યાસ |
| ૩૧. | શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી | શ્રી અશ્વિન દેસાઈ | જીવનદર્શન | ૨૦૧૨-૧૩ | મનોહર ત્રિવેદી |
| ૩૨. | શ્રી રામુ પંડિત | શ્રી કિશોર જોશી | વૈશ્વિક સમુદાયમાં ભારત | ૨૦૧૨-૧૩ | ભાણદેવ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૩. | શ્રી પ્રભાશંકર તેરૈયા | શ્રી પિંકી પંડ્યા | ...... કોઈને આ પારિતોષિક મળતું નથી.... | | |
| ૩૪. | શ્રી સર્વોદય આશ્રમ સણાલી કરુણામૂર્તિ ભગવાન મહાવીર ફાઉન્ડેશન | શ્રી રાજેશ મકવાણા | સાંસ્કૃતિક વડલાની અડીખમ વડવાયું | ૨૦૧૨-૧૩ | ડૉ. ઇન્દુ પટેલ |
| ૩૫. | શ્રી બી. ટી. ત્રિવેદી શ્રેષ્ઠ ચર્ચાપત્રી | શ્રી દિનેશ પંચાલ | – | ૨૦૧૨-૧૩ | પ્રેમ સુમેસરા |
| ૩૬. | શ્રી ગુજરાત દર્પણ પારિતોષિક | શ્રી કનૈયાલાલ ભટ્ટ | અજાણ્યાં | ૨૦૧૨-૧૩ | અહમદ ગુલ |
| ૩૭. | શ્રી ધનરાજ કોઠારી | શ્રી લલિત ત્રિવેદી | નામ તારું રુદ્રાક્ષ પર | ૨૦૧૨-૧૩ | મધુમતી મહેતા |
| ૩૮. | શ્રી ચંદ્રકાન્ત ન. પંડ્યા | શ્રી માય ડિયર જયુ | ચિનુ મોદીકૃત સ્વપ્ન-દુઃસ્વપ્ન વિશે 'પરબ' - જાન્યુ. ૨૦૧૩ | ૨૦૧૩-૧૪ | ગુણવંત વ્યાસ |
| ૩૯. | શ્રી ચિ. શિ. ત્રિવેદી પ્રેરિત ન્હાનાલાલ અને રા. વિ. પાઠક શ્રેષ્ઠ કાવ્ય | શ્રી પન્ના ત્રિવેદી | બાપદાદાના વખતના...'પરબ' | ઑક્ટો-૨૦૧૪ ૨૦૧૩-૧૪ | રાજેશ વ્યાસ 'મિસ્કીન' |
| ૪૦. | શ્રી નાનુભાઈ સુરતી ફાઉન્ડેશન પ્રેરિત શ્રેષ્ઠ નિબંધ | શ્રી સતીશ ડણાક | વરસતા વરસાદનું સંગીત.. 'પરબ' જુલાઈ-૨૦૧૩ | ૨૦૧૩-૧૪ | ભગીરથ બ્રહ્મભટ્ટ |
| ૪૧. | શ્રી નાનુભાઈ સુરતી ફાઉન્ડેશન પ્રેરિત શ્રેષ્ઠ નવલિકા | શ્રી ઉત્પલ પટેલ | બોનસાઈ 'પરબ' – સપ્ટેમ્બર - ૨૦૧૪ | ૨૦૧૩-૧૪ | રેણુકા પટેલ |